॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# વ્યંઢળો માટેની કેન્દ્ર સરકારની જાહેરનીતિનું અવલોકનઃસ્માઇલ યોજનાનાં સંદર્ભમાં

ડો. કૃતિ છાયા

આસિસ્ટન્ટ પ્રોફેસર-અર્થશાસ્ત્ર

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

માધવી સોલંકી

**પ્રસ્તાવના:-**

ભારતનાં બંધારણ અને કાયદાકીય જોગવાઇઓમાં વ્યંઢળોને પણ સામાજિક અને કાયદાકીય અધિકારો આપવામાં આવ્યા છે. વ્યંઢળો સદીઓથી ભારતીય સમાજનો હિસ્સો છે. પ્રાચીન ભારતના લખાણોમાં "તૃતીય જાતિ" અથવા પુરૂષ અથવા સ્ત્રી લિંગને અનુરૂપ ન હોય તેવી વ્યક્તિઓની માન્યતા સંબધિત અનેક ઐતિહાસિક પુરાવા છે. પ્રાચીન હિંદુ કાયદા, ભાષાશાસ્ત્ર અને જ્યોતિષમાં પણ ત્રીજા લિંગની ચર્ચા કરવામાં આવી છે. ભારતમાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ મુઘલ કાળમાં બેગમોની સુરક્ષા, અને બાદશાહનાં વફાદાર તરીકેનું પદ ભોગવતા હોવાનાં પણ કેટલાક ઉદાહરણો જોવા મળે છે, પણ ભારતમાં અંગ્રેજ શાસન દરમિયાન ઘડી નાંખવામાં આવેલા ક્રિમિનલ એક્ટ-1871ના અમલીકરણ સાથે વસાહતી શાસન દરમિયાન વ્યંઢળ વ્યક્તિઓને ગુનાહિત ઠેરવવામાં આવ્યા હતા, અને તેમને નાગરિક અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા હતા, અંગ્રેજોએ ઘડેલા કાયદા બાદ લગભગ 150 વર્ષ સુધી વ્યંઢળો તિરસ્કૃત થતા આવ્યા અને માનવ અધિકારોથી વંચિત રહીને અનેક પ્રકારની પિડાઓ પણ સહન કરી, જો કે થોડા સમય પહેલા જ કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલા નવા કાયદા અંતર્ગત વ્યંઢળોને તમામ મૂળભૂત અધિકારો પ્રાપ્ત થયા છે. સાથે જ વ્યંઢળો પ્રત્યેના સામાજિક દ્રષ્ટિકોણમાં પણ બદલાવ આવ્યો છે.

વ્યંઢળોનો સમાવેશ કરતા ટ્રાન્સજેન્ડર સમુદાય માટેનાં સુપ્રિમ કોર્ટમાં 2012ના કેસ નંબર સીએ (CA) 400નાં ઐતિહાસીક ચૂકાદામાં કોર્ટે નોંધ્યું છે કે ખાસ કરીને જેમનું મન અને શરીર, તેમના જૈવિક લિંગ સામાન્ય ન હોય, તેવા વ્યકિતઓનેં  આપણો સમાજ વારંવાર ઉપહાસ કરે છે અને દુર્વ્યવહાર કરે છે અને રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, શાળાઓ, કાર્યસ્થળો, મોલ, થિયેટરો, હોસ્પિટલો, જેવા જાહેર સ્થળોએ તેમની સાથે અસ્પૃષ્ય તરીકે વ્યવહાર કરવામાં આવે છે. સર્વોચ્ચ અદાલતે

હોસ્પિટલોમાં ટ્રાન્સજેન્ડરને તબીબી સારવાર પૂરી પાડવા અને તેમના સર્વાંગી વિકાસ માટે વિવિધ સામાજિક કલ્યાણ યોજનાઓ ઘડવાનો નિર્દેશ આપ્યો હતો. સુપ્રિમ કોર્ટનાં ચુકાદા બાદ વર્ષ 2014માં લોકસભામાં પસાર કરાયેલા ટ્રાન્સજેન્ડર બિલ (કાયદા)માં વ્યંઢળોનાં સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી,પૂરતું શિક્ષણ, વ્યવસાયિક તાલીમ અને સ્વરોજગાર, રોજગારમાં બિન-ભેદભાવ, સામાજિક સુરક્ષા, આરોગ્યસંભાળ, પુનઃ વસવાટ, સંસ્કૃતિ અને મનોરંજન, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં આરક્ષણ, સરકારી નોકરીઓમાં આરક્ષણ, સહિતની મૂળભૂત જરૂરિયાતને માન્યતા આપવામાં આવી છે. આ કાયદાકીય અમલીકરણ બાદ કેન્દ્ર સરકાર દ્વારા ઘડી નાંખવામાં આવેલી સ્માઇલ યોજના(SMILE - Support for Marginalized Individuals for Livelihood and Enterprise)નું અવલોકન અત્રેનાં અભ્યાસમાં કરવામાં આવ્યો છે.

### ❖ સ્માઈલ યોજના –**SMILE - Support for Marginalized Individuals for Livelihood and Enterprise**

**સ્માઈલ યોજના :-** 'સ્માઈલ યોજના'નો ઉદ્દેશ્ય ટ્રાન્સજેન્ડર સમુદાયનાં લોકોનાં કલ્યાણ,પુનર્વસન, તેમને શિક્ષિત અને પગભેર બનાવવાનો છે, કેન્દ્ર સરકારનાં સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. નાણા મંત્રાલય દ્વારા 30.11.2021નાં રોજ યોજનાને મંજૂરી આપી હતી, જેમાં નાણાકીય વર્ષ 2020-21 થી 2025-26 સુધી યોજના માટે રૂ.365 કરોડની ફાળવણી કરવામાં આવી છે. યોજના અમલમાં મુકતાં પહેલા 21મી ઓગસ્ટ, 2020ના રોજ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના સંબંધમાં સરકારને નીતિઓ, કાર્યક્રમો, કાયદાઓ અને પ્રોજેક્ટ્સ અંગે સલાહ આપવા માટે ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટેના રાષ્ટ્રીય પરિષદની રચના કરવામાં આવી. 25મી નવેમ્બર, 2020ના રોજ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય પોર્ટલ શરૂ કરવામાં આવ્યું. જેને પગલે ટ્રાન્સજેન્ડર સમુદાયનાં કોઇપણ અરજદાર પોતાની લૈંગિક ઓળખનું પ્રમાણપત્ર, અને ઓળખકાર્ડ મેળવી શકે છે. આ ઓળખપત્રનાં આધારે અરજદાર જન્મ પ્રમાણપત્ર, અને અન્ય સરકારી દસ્તાવેજોમાં નામ ફેરફાર કરાવી શકે છે. મંત્રાલયે ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે આશ્રય ઘર 'ગરિમા ગૃહ' નામના પાઇલોટ પ્રોજેકટ અંતર્ગત 12 પાઈલોટ શેલ્ટર હોમ શરૂ કર્યા છે. આ આશ્રય ગૃહોનો મુખ્ય ઉદ્દેશ્ય જરૂરિયાતમંદ ટ્રાન્સજેન્ડર સમુદાયનાં લોકોને સલામત અને સુરક્ષિત આશ્રય આપવાનો છે. આ પાયલોટ શેલ્ટર હોમ મહારાષ્ટ્ર, ગુજરાત, દિલ્હી, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, બિહાર, છત્તીસગઢ, તમિલનાડુ અને ઓડિશા રાજ્યોમાં કાર્યરત કરવામાં આવ્યા છે. મંત્રાલયે આ આશ્રય ગૃહોની સ્થાપના માટે સમુદાય આધારિત સંસ્થાઓ (CBOs) ને સંપૂર્ણ નાણાંકીય સહાય પૂરી પાડી છે જે ખોરાક, આશ્રય, આરોગ્ય સંભાળ, મનોરંજન સુવિધાઓ જેવી

મૂળભૂત સુવિધાઓ પૂરી પાડે છે અને ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે ક્ષમતા- નિર્માણ અને કૌશલ્ય વિકાસ કાર્યક્રમોનું સંચાલન પણ કરે છે.

➢ **સ્માઈલ યોજનાનાં લાભોઃ-**

(1) **ઓળખનું પ્રમાણપત્રઃ-** જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને'ઓળખનું પ્રમાણપત્ર' જાહેર કરવામાં આવે છે, જેથી વ્યંઢળોને સરળતાથી ઓળખકાર્ડ પ્રાપ્ત થઇ રહ્યા છે. જેમાં લિંગ ફેરફાર કરાવનાર ટ્રાન્સજેન્ડરોને પણ તબીબી પુરાવાને ધ્યાનમાં રાખી નવી ઓળખ આપવામાં આવી રહી છે. આ ઓળખપત્ર થકી પ્રાપ્ત થતા મલ્ટીપર્પઝ સ્માર્ટ કાર્ડ તમામ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને પ્રદાન કરવામાં આવશે જેમાં જરૂરી સેવાઓ જેમ કે શિક્ષણ, સામાજિક સુરક્ષા લાભ મળશે. જેનું સંચાલન રાજ્ય સ્તરીય કોમ્પ્યુટરરાઈઝડ ડેટાબેઝ દ્વારા કરવામાં આવશે.

(2) **શિષ્ય વૃત્તિ:-** માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિકથી અનુસ્નાતક સુધી અભ્યાસ કરતા ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્ય માટે શિષ્યવૃત્તિ પૂરી પાડવામાં આવી રહી છે. સ્માઇલ યોજના અંતર્ગત ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીને 13,500 સુધીની શૈક્ષણિક સહાય પુરી પાડવામાં આવે છે.

(3) **કૌશલ્ય વિકાસઃ-** સ્માઇલ યોજનામાં સમાવિષ્ટ PM-DAKSH યોજના હેઠળ કૌશલ્ય વિકાસ અને આજીવિકા માટેની જોગવાઈ કરવામા આવી છે. કૌશલ્ય અપગ્રેડેશન ટ્રેનિંગવ્યંઢળો-ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને કૌશલ્ય વિકાસની તાલીમ આપવા માટે પણ સરકાર કટીબધ્ધ છે, જેથી તેઓ પોતાની જાતે આવક પેદા કરતી પ્રવૃત્તિઓ શરૂ કરી શકે. જેમાં 18 વર્ષથી વધુ વયનાં અને યોગ્ય લાયકાત ધરાવતા ટ્રાન્સજેન્ડરોને એક કોર્સમાં 200 કલાક અને વધુમાં વધુ ત્રીસ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવે છે. ટ્રાન્સજેન્ડર સમુદાયને આ યોજનાનો લાભ લેવા માટે આગળ આવવા પ્રોત્સાહિત કરવા માટે, દર મહિને તાલીમાર્થી દીઠ રૂ. 1000 ની વધારાની રકમ સ્ટાઈપેન્ડ તરીકે આપવામાં આવશે. જેમાં સુથારીકામ, કોમ્પયુટર સેન્ટર, ક્રાફ્ટ સેન્ટર, ડાયરી મેકીંગ, ઇલેકટ્રિશિયન,જેમ કટિંગ, મોટર વાઈન્ડિગ, ફોટોગ્રાફી, પ્લમ્બિંગ, વેલ્ડર, ફિટર, મિકેનિક સહિતનાં અનેક કૌશલ્ય ટ્રેનિંગ કોર્સનો અહી સમાવેશ કરવામાં આવ્યો છે.

(4) **તબીબી સંભાળની સુવિધાઓ:-** આરોગ્ય વિભાગ દ્વારા પસંદગીની હોસ્પિટલો દ્વારા PM-JAY યોજના અંતર્ગત લિંગ-પુષ્ટિની શસ્ત્રક્રિયાઓ સાથે સંકળાયેલી તબીબી સારવાર માટે રાહત પેકેજ પુરા પાડવામાં આવે છે,કાયદાકીય જોગવાઇ અંતર્ગત સરકારને ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે સેરો- સર્વેલન્સ કરવા માટે અલગ હ્યુમન ઈમ્યુનોડેફિસિયન્સી વાયરસ (એચઆઈવી) સેરો- સર્વેલન્સ કેન્દ્રો સ્થાપવાનું ફરજિયાત

કરવામાં આવ્યું છે. તેમજ લૈંગિક સર્જરીનાં તબીબી ખર્ચને પણ વીમા યોજનામાં સાંકળી લેવામાં આવી છે.

(5) **રાષ્ટ્રીય પોર્ટલઃ**- યોજના અંતર્ગત ઊભા કરાયેલા રાષ્ટ્રીય પોર્ટલ અને હેલ્પલાઈન ટ્રાન્સજેન્ડર સમુદાય અને જરૂર પડ્યે ભીખ માંગવાના કાર્યમાં રોકાયેલા લોકોને જરૂરી માહિતી અને ઉકેલો પ્રદાન કરવામાં આવે છે.

(6) **સ્વ- રોજગારઃ**- વ્યંઢળોનું સામાજિક- આર્થિક પુનર્વસન એ ચિંતાના મુખ્ય ક્ષેત્રોમાંનું એક છે. આ હેતુ માટે કૌશલ્ય પ્રશિક્ષણની સાથે ઉદ્યોગસાહસિકતા વિકાસ તાલીમ એ પ્રાથમિકતાની પ્રવૃત્તિમાંની એક હશે. પરંતુ, ઘણા કિસ્સાઓમાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ વ્યવસાયિક તાલીમ કેન્દ્રોમાં આવવાને બદલે પરંપરાગત તાલીમ અને વ્યવહારુ અનુભવ સાથે કૌટુંબિક વ્યવસાયો અથવા અન્ય આર્થિક પ્રવૃત્તિઓ અપનાવી રહ્યા છે. આ તમામ શ્રેણીઓમાં સંખ્યાબંધ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ કોઈપણ નાણાકીય સહાયમાં રસ ધરાવતા નથી પરંતુ વ્યવસાયની શરૂઆત કરવા માટે સામાનની જરૂર છે. તેઓને આ હેતુ માટે જરૂરી આધારની અછતને કારણે સામાન મેળવવામાં સમસ્યાનો સામનો કરવો પડે છે. આ ક્ષેત્રમાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને તેમની વેપારની જરૂરિયાતને આધારે સ્વ- રોજગાર માટે માલ સામાન આપવામાં આવશે. જેથી કરીને તેઓ નાના પાયે અથવા ઘર આધારિત એકમોથી તેમનો વ્યવસાય શરૂ કરી શકે અને પોતાના અને તેમના પરિવાર માટે આજીવિકા મેળવી શકે, જેમાં આધાર પુરાવાને ધ્યાનમાં રાખી 20 લાખ રૂપિયા સુધીની આર્થિક સહાય ચુકવવા માટેની યોજના અમલમાં છે.

(7) **ગરિમા ગૃહઃ**- સ્માઇલ યોજના અંતર્ગત ‘ગરિમા ગૃહ’ યોજનામાં ટ્રાન્સજેન્ડર સમુદાય અને ભીક્ષા(દાપુ) માંગવાના કાર્યમાં રોકાયેલા લોકોને ખોરાક, કપડાં, મનોરંજનની સુવિધાઓ, કૌશલ્ય વિકાસની તકો, મનોરંજન પ્રવૃત્તિઓ અને તબીબી સહાય પુરી પાડવામાં આવે છે. પ્રત્યેક ગરિમા ગૃહમાં ઓછામાં ઓછા 25 ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓનું પુનર્વસન કરવામાં આવશે. ગરીમા ગૃહનાં સંચાલન માટે સ્માઇલ યોજના અંતર્ગત એક શેલ્ટર હોમ 3 હજાર સ્કેવરફુટ જગ્યામાં તૈયાર કરવામાં આવે છે, જેમાં પ્રોજેક્ટ મેનેજર સહિત 12 કર્મચારીઓનો સ્ટાફ રાખવો જરૂરી છે, જેનાં નિભાવ ખર્ચ પેટે વર્ષે 36,46,500 મળવા પાત્ર છે.

- **ગુજરાત- સુરતમાં સ્માઇલ યોજનાનો અમલ અને લાભ**
  - **ગુજરાતમાં ગરિમાગૃહઃ** - વ્યંઢળોનેં આશ્રય સ્થાન આપવા માટે સરકારનાં સ્માઇલ સ્કીમ હેઠળ વડોદરામાં ગરિમા ગૃહ શરૂ કરવામાં આવ્યું છે. જેનાં સંચાલનની વ્યવસ્થા લક્ષ્ય ટ્રસ્ટ દ્વારા નિભાવવામાં આવી રહી છે. આ શેલ્ટર હોમનો હેતુ

ટ્રાન્સજેન્ડર વ્યકિતઓનેખોરાક, કપડાં, મનોરંજન સુવિધાઓ, કૌશલ્ય વિકાસની તકો, યોગ, ભૌતિકશાસ્ત્રની તંદુરસ્તી, પુસ્તકાલય સુવિધાઓ,કાનૂની સહાય, લિંગ સંક્રમણ અને શસ્ત્રક્રિયાઓ માટે તબીબી સલાહ આપવામાં આવે છે,તેમજ રોજગારીની ક્ષમતા વધારવાનાં પ્રયાસો કરવામાં આવે છે.

- ગુજરાત રાજ્યમાં ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડની કામગીરીઃ- સુપ્રિમ કોર્ટનાં એપ્રિલ 2014નાંચૂકાદા અને કેન્દ્ર સરકારનાં માર્ગદર્શનને અનુસરીને ગુજરાત રાજ્યમાં ટ્રાન્સજેન્ડર સમૃહને આરોગ્ય સંભાળ, આવાસ, શિક્ષણ અને રોજગાર સહિતની આવશ્યક સેવાઓ મળી રહે તે માટે ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડની સ્થાપના કરી છે. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય તરફથી 'લક્ષ્ય ટ્રસ્ટ' અને 'વિકલ્પ ગૃપ' સહિતનાં વિવિધ એન.જી.ઓ, સામાજિક સંસ્થાઓ અને સમાજ કલ્યાણ વિભાગ સાથે સંકલન કેળવીને શરૂ કરવામાં આવેલા ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડમાં 16 સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં 8 જેટલા સામાજિક પ્રતિનિધિને સ્થાન અપાયુ છે, જયારે બોર્ડનાં અધ્યક્ષની જવાબદારી સામાજિક ન્યાય અને અધિકાર મંત્રી નિભાવી રહ્યા છે.જેમાં યુએનએઆઈડીએસ (UNAIDS) અને યુનાઈટેડ નેશન્સ ડેવલોપમેન્ટ પ્રોગ્રામને ટ્રાન્સજેન્ડર સમુહ સુધી પહોંચાડવા માટેનું માર્ગદર્શન પુરુ પાડવામાં આવી રહ્યું છે. ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડ દ્વારા ટ્રાન્સજેન્ડર સમુહનાં લોકોને આજીવિકા,રોજગાર, સામાજિક સુરક્ષા અને માનવ અધિકારોના રક્ષણના મુદ્દે માહિતગાર કરવામાં આવી રહ્યા છે.

  **ગુજરાતમાં ટ્રાન્સજેન્ડર/ વ્યંડળોને મળતી રાષ્ટ્રીય યોજનાનો લાભઃ-** કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા રાષ્ટ્રીય પોર્ટલ થકી ગુજરાતમાં વસવાટ કરતા વ્યંઢળ સમુદાયના ઘણા લોકોને પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની તક મળી છે. ગુજરાતમાં તમામ જિલ્લા કલેકટર થકી વ્યંઢળો, ટ્રાન્સજેન્ડર સમુદાયને પ્રમાણપત્રો અને ઓળખકાર્ડ આપવામાં આવી રહ્યા છે, જેનાં થકી સેકડો વ્યંઢળોનેં નવી ઓળખ મળી છે. અને સરકારી ચોપડે કે પછી વિવિધ સરકારી યોજનાનાં લાભો મળવા લાગ્યા છે.

- **સુરત શહેર-જિલ્લામાં વ્યંઢળોને મળતી રાષ્ટ્રીય યોજનાનો લાભઃ-** સુરતનાં સમાજ સુરક્ષા વિભાગ દ્વારા વ્યંઢળોને સરકારી યોજનાનો લાભ મળી રહે તે માટેનાં પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સુરત શહેર-જિલ્લામાં યોજના અમલમાં આવી ત્યારબાદ અત્યારસુધીમાં કુલ 135 જેટલા ટ્રાન્સજેન્ડરોને જિલ્લા કલેકટર દ્વારા

પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે. જેનાં થકી ત્રીજી જાતિનાં લોકોએ મતદાર કાર્ડ, આધારકાર્ડ, પાસપોર્ટ જેવા સરકારી ઓળખપત્રો મેળવ્યા છે.

- **અવલોકનઃ**-કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા સ્માઇલ યોજના અમલમાં મુકવામાં આવી અને 1 વર્ષનો સમય પસાર થઇ ગયો હોવા છતા હાલ પર્યંત તે મહત્તમ વ્યંઢળો સુધી પહોંચી શકી નથી. હાલમાં પણ મોટાભાગનાં વ્યંઢળ વ્યકિતઓ સ્માઇલ યોજનાથી અજાણ હોવાથી તેઓ ફાયદો મેળવી શક્યા નથી. સુરત શહેર અને જિલ્લાની સ્થિતિએ જોવા જઇએ તો શાળાકીય શિક્ષણ મેળવ્યું હોય તેવા વ્યંઢળોની સંખ્યા મોટી છે, જો કે કમનસીબે સ્નાતક અને અનુસ્નાતક સુધીની ડિગ્રી ગણતરીનાં જ વ્યંઢળો મેળવી શકયા છે. એજ રીતે હેલ્થ અને રહેણાંકની બાબતમાં પણ ટ્રાન્સજેન્ડરોનું સંઘર્ષમય જીવન યથાવત છે. જેથી સ્માઇલ યોજનાનો યોગ્ય પ્રચાર-પસાર કરવામાં આવે તો સરકારની યોજના સાર્થક બનશે, અને હાંસિયામાં ધકેલાઇ ગયેલા વ્યંઢળો સાચા અર્થમાં ભારતીય નાગરીક તરીકેનાં મૂળભુત હક્કો પ્રાપ્ત કરશે.

- **ભવિષ્યમાં સ્માઇલ યોજનાનાં લાભની શકયતાઃ-** સ્માઇલ યોજના વ્યંઢળ સમુદાયનાં શિક્ષણ, સ્વાસ્થય, અને રહેણાંક તેમજ રોજગારીનાં ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. આ યોજના હાલ પ્રાથિમક તબક્કામાં છે, માત્ર 1 વર્ષનાં સમયગાળામાં જ દેશમાં ગુજરાતનાં વડોદરા સહિતનાં 12 શહેરોમાં ગરીમાં ગૃહ થકી ટ્રાન્સજેન્ડરોને રહેઠાણનો વિકલ્પ મળ્યો છે. જેમ જેમ યોજનાનો વ્યાપ વધશે તેમ તેમ ભારતનાં દરેક મોટા શહેરો સહિત દરેક વ્યંડળ કે ટ્રાન્સજેન્ડરોને ગરીમા ગૃહ થકી રહેણાંકનો વિકલ્પ મળશે. આ ઉપરાંત ત્યાં કૌશલ્ય તાલીમ થકી રોજગારીની તક ઊભી થશે, તેમજ સ્માઇલ યોજનાં અંતર્ગત મળતી શિષ્યવૃતિ થકી વ્યંઢળોઉચ્ચ શિક્ષીત બનશે, યોજનાનાં લાભો મળતા તેમની સ્વાસ્થય, આર્થિક, અને સામાજિક સંબધીત સમસ્યાઓનો પણ ઉકેલ આવશે.

- **નિષ્કર્ષ** :- સુપ્રિમ કોર્ટનાં ચુકાદા અને કેન્દ્ર સરકાર દ્વારા વ્યંઢળ સમુદાય માટે ઘડી નાંખવામાં આવેલા કાયદા તેમજ ખાસ પ્રકારની યોજનાઓને કારણે સમાજમાં હાસીંયામાં ધકેલાઇ ગયેલા અને અલ્પવિકસિત કહી શકાય એવા સમુદાયને વિકસિત થવાની તક મળી છે. વર્ષોથી વિવિધ માન્યતા અને સામાજિક દ્રષ્ટિકોણથી હેરાન થઇ રહેલા વ્યંઢળો, ટ્રાન્સજેન્ડરોને જીવવાની આઝાદી મળી હોય તેવા નિર્ણયો પાછલા એક દાયકામાં લેવામાં આવ્યા હોવાનું કહી શકાય તેમ છે. ખાસ કરીને 'ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડ"ની આગેવાનીમાં થઇ રહેલી કામગીરી, વ્યંઢળોનાં

ઓળખપત્ર, પ્રમાણપત્રો મળવા લાગ્યા હોવાથી સરકારી ચોપડે પણ હવે વ્યંઢળો મજબુત બનવા લાગ્યા છે.

- **નોંધ- ટ્રાન્સજેન્ડર શબ્દ અંગ્રેજી હોય, ગુજરાતી શબ્દકોષને અનુસરીને થર્ડ જેન્ડર-હિજડાઓ માટે સંશોધનમાં 'વ્યંઢળ' શબ્દનો ઉપયોગ કર્યો છે.**

**સંદર્ભ સૂચિ :-**


- https://socialjustice.gov.in/public/ckeditor/upload/SMILE%20Guidelines_1649742207.pdf
- https://www.adda247.com/Smile-scheme-a-scheme-for-transgender-and-beggar-community/
- https://www.drishti.com/daily-updates/daily-analusis/initiatives-for-transgender-persons
- https://www.unaids.org/en/resources/presscenter/featurestories/2019/february/20190226-Gujarat.


---


ડૉ.કૃતિ છાયા

આસિસ્ટન્ટ પ્રોફેસર- અર્થશાસ્ત્ર

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

માધવી સોલંકી